PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૨૫૫૫-૨ તારીખ : ૦૩ - ૦૮ - ૨૦૨૩

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
શ્રી દલસુખભાઈ ખુશાલદાસ ચૌહાણ
"વેરાઈ કૃપા" ચંદ્રેશનગર શેરી નં. ૩, ૫૦ ફુટ ખીજડાવાળો રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૯૮૨૪૮૫૬૧૪૮

વિષય : ઉજાલા ઉપકરણની ઉઘારેલ રકમ પરત આપવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૭-૦૭-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૨/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અંત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લક્ષ્મીનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૨/ક્વા-૨/૨૩-૨૪/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૦૨/ક્વા-૨/૨૩-૨૪, તા.૧૦-૦૭-૨૦૨૩

અરજદાર : શ્રી દલસુખભાઈ ખુશાલદાસ ચૌહાણ, ગામ : રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારશ્રી દલસુખભાઈ ખુશાલદાસ ચૌહાણ

:: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર : શ્રી બી.એમ.પટેલ કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી જી. એમ. ગોહેલ, નાયબ અધીક્ષક (રેવ.), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨

સામાવાળા પક્ષકાર-૨ : એનર્જી એફીસિઅન્સી સર્વિસીઝ લીમીટેડ વતી તેના પ્રતિનિધિ તરીકે સીનીયર એન્જીનીયરશ્રી દર્શન વોરા હાજર રહેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૦.૦૭.૨૦૨૩ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦.૦૭.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી દલસુખભાઈ ચૌહાણ લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૮૭૬૦૨/૧૦૭૧૦/૧ થી ૦.૫ કીવોનુ ઘરવપરાશનુ વીજજોડાણ ધરાવે છે. અરજદારે ઉજાલા એપ્લાયન્સીસ હેઠળ પંખા અને લેમ્પ લીધા ન હોવા છતાં તેમના વીજબિલમાં ઉજાલા ચાર્જ હેઠળ રકમ ઉધારેલ છે જેની ફરિયાદના ભાગરૂપે સંલગ્ન કચેરીને તા.૧૬.૦૩.૨૦૨૨ ના રોજ લેખીતમાં અરજી કરેલ પરંતુ આજદિન સુધી ઉજાલા ચાર્જની રકમ જમા મળેલ નથી, આમ અરજદારે ઉજાલા એપ્લાયન્સીસ ખરીદેલ ન હોવા છતાં બીલમાં ઉધારેલ છે. આમ, ખોટી કપાયેલ રકમ જમા મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદારશ્રી લક્ષ્મીનગર પેટાવિભાગના ગ્રાહકશ્રી દલસુખભાઈ ચૌહાણ, ગ્રાહક નં. ૮૭૬૦૨/૧૦૭૧૦/૧ ઘરવપરાશનાં વીજબીલમાં ઉજાલા ઉપકરણોની હપ્તાથી ખરીદેલ ન હોવા છતાં, પીજીવીસીએલ દ્વારા વીજબીલમાં ઉજાલા ચાર્જીસ વધારેલ છે, જે રીફંડ મેળવવાની રજૂઆત અન્વયે અરજદાર દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે, જેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

૩.૧ અરજદારના વીજબીલમાં ઉજાલા ચાર્જીસની રકમ બીલમાં ઉધારેલ છે જે નિગમિત કચેરીની સુચના મુજબ બીલમાં ઉજાલા ચાર્જીસની રકમ આવતી હોય જે પેટાવિભાગીય કચેરી દ્વારા રકમ જમા આપી શકાતી નથી.

૩.૨ અરજદારની રજૂઆત મુજબ વીજબીલ માહે જુલાઈ-ઓગસ્ટ-૨૦૧૮ થી માહે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૦ દરમ્યાન ઉજાલા ચાર્જીસની હપ્તા પેટે કુલ રકમ રૂ.૨૧૭૦=૦૦ કપાયેલ છે.

અરજદાર ગ્રાહકના એલ.ટી. બિલીંગના રેકર્ડ મુજબ ઉજાલા ફેન નંગ-૨ જેની કુલ કિંમત રૂ.૨૫૨૦=૦૦ અને સદર રકમના રૂ.૨૫૨૦/- પ્રમાણે – સદર રકમના ૨૪ ઈ.એમ.આઈ. મુજબ પ્રતિ ઈ.એમ.આઈ. ૧૦૫ લેખે ૨૪ હપ્તા ગ્રાહકના દ્વિમાસિક વીજબીલમાં ઉધારેલ છે, તે મુજબ કુલ રૂ.૧૪૭૦/- (રૂ.૧૦૫*૧૪ હપ્તા) બીલમાં કપાયેલ છે.

તદઉપરાંત સદર ફરિયાદી દ્વારા ઉજાલા લેમ્પ નંગ-૧૦ હપ્તેથી લીધેલ છે, જેની કુલ કિંમત રૂ.૭૦૦/- નોંધાયેલ છે, સદર રકમના ૧૦ ઈ.એમ.આઈ. મુજબ પ્રતિ ઈ.એમ.આઈ. રૂ.૭૦/- લેખેના કુલ ૧૦ હપ્તા ગ્રાહકના વીજબીલમાં ઉધારેલ છે, તે મુજબ કુલ રૂ.૭૦૦(રૂ.૭૦*૧૦ હપ્તા) કપાત થયેલ છે.

૩.૩ સદર કેસની સુનાવણી દરમ્યાન ફોરમની સુચના મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૪-૦૭-૨૦૨૩ ના રોજ લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરીના કર્મચારીઓ / અધિકારીઓ દ્વારા અરજદારના સદર વીજજોડાણ નં ૮૭૬૦૨/૧૦૭૧૦/૧ ના નિવાસ સ્થાને અરજદારશ્રીની હાજરીમાં રોજકામ કરેલ જે મુજબ તેઓના નિવાસસ્થાને કોઈ જ ઉજાલા ઉપકરણ જોડેલ નથી.

## :: ઈ.ઈ.એસ.એલ.ની રજૂઆત ::

૪.૦ અરજદારની ફરિયાદ અન્વયે EESL દ્વારા પત્ર નં – ૩૭ તા.૧૪-૦૭-૨૦૨૩ થી જણાવેલ કે ગ્રાહક નંબર-૮૭૬૦૨/૧૦૭૧૦/૧ અન્વયે ઉજાલા એપ્લાયન્સીસ હપ્તેથી ખરીદ કરાયેલ છે જે અંતર્ગત EESL કંપની દ્વારા કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્રક (ડેબીટ બીલ) અને સદર અરજદાર ગ્રાહકના વીજબીલની નકલ તથા આધારકાર્ડની નકલ રજુ કરેલ છે.

## ::હુકમ::

૫.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને EESL ની રજૂઆત તેમજ રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબ નિર્ણય કરાયેલ છે.

૫.૧ અરજદારશ્રી દલસુખભાઈ ચૌહાણ ગ્રાહક નં. ૮૭૬૦૨/૧૦૭૧૦/૧ થી ૦.૫ કિ.વો. નુ ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. અરજદારની રજૂઆત મુજબ તેઓ દ્વારા ઉજાલા ઉપકરણોની હપ્તેથી ખરીદ કરાયેલ ન હોવા છતાં અરજદારના વીજબીલમાં સદર ઉજાલા ચાર્જની રકમ બીલમાં કપાયેલ છે, જેથી અરજદારે સદર રકમ બંધ કરવા અને કપાત થયેલ રકમ પરત મેળવવા માટે તા.૧૬-૦૩-૨૦૨૦ થી સબંધક પેટાવિભાગીય કચેરીમાં અરજી કરેલ છે, જેમાં અરજદારે નીચે મુજબ રજૂઆત કરેલ છે, "અમે કોઈ ઉજાલા પ્રોડક્ટ ખરીદી નથી તેમ છતાં માહે જાન્યુઆરી તથા અગાઉથી પણ પૈસા બીલમાં ઉમેરાઈને આવે છે તો તે યોગ્ય કરવા મહેરબાની" સદર અરજી સાથે ખરીદ પાવતી, વીજળીબીલ અને

ઓળખપત્ર બીડાણ તરીકે બતાવેલ છે. ત્યારબાદ સદર બાબતે ફરિયાદનું નિવારણ ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૫.૨ અરજદારની સદર ફરિયાદ બિલીંગ બાબતેની હોય અત્રેના ફોરમ દ્વારા સદર કેસની નોંધણી તા.૧૦.૦૭.૨૦૨૩ ના રોજ કેસ નં ૦૨/કવા-૨/૨૩-૨૪ થી કરેલ છે, જેની નકલ સામેવાળા અને એનર્જી એફીસીયન્સી સર્વિસીસ લીમીટેડની રિજ્યોનલ ઓફીસ વડોદરાને મોકલાવેલ છે.

૫.૩ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત તા.૧૮-૦૭-૨૦૨૩ મુજબ અરજદારના એલ.ટી. બિલીંગના લેઝરમાં તપાસતા સદર અરજદાર દ્વારા ઉજાલા ફેન નંગ-૨ની કુલ રકમ રૂ.૨૫૨૦=૦૦ મુજબ રૂ.૧૦૫/- પ્રતિ ઈ.એમ.આઈ. ના કુલ ૨૪ ઈ.એમ.આઈ.ની આકારણી થયેલ છે, જેમાંથી ૧૪ ઈ.એમ.આઈ.ની રકમ ગ્રાહકના વીજબીલમાં વસુલેલ છે અને ઉજાલા લેમ્પ કુલ ૧૦ નંગ ના કુલ રૂ.૭૦૦/- મુજબ રૂ.૭૦/- પ્રતિ ઈ.એમ.આઈ.ના કુલ ૧૦ હપ્તાની રકમ વીજબીલમાં વસુલેલ છે. સદર ઉજાલા ઉપકરણની વિગત એલ.ટી. બિલીંગ સીસ્ટમમાં નિગમિત કચેરીની સુચના મુજબ આવતી હોવાથી સદર બાબતે પેટાવિભાગીય કચેરી દ્વારા ઉધારેલ રકમ જમા આપી શકાતી નથી.

વધુમાં સદર કેસની સુનાવણી દરમ્યાન ફોરમની સુચના મુજબ ઉપરોક્ત મુદ્દા નં ૩.૩ મુજબ સ્થળ તપાસ કરતા હાલમાં ઉજાલા ઉપકરણો જોડેલ નથી.

૫.૪ અરજદારની ઉજાલા ઉપકરણની ખરીદી હપ્તેથી કરેલ ન હોવા છતાં વીજબીલમાં આકારણી થયેલ છે, સદર અરજીની જાણ એનર્જી એફીસીયન્સી સર્વિસીસ લીમીટેડની રિજ્યોનલ ઓફીસ વડોદરાને પત્ર તા.૧૩.૦૭.૨૦૨૩ થી કરેલ છે. ત્યારબાદ EESL દ્વારા તા.૧૪.૦૭.૨૦૨૩ થી પ્રત્યુતર પાઠવેલ છે તે મુજબ સદર અરજદાર દ્વારા ઈ.એમ.આઈ. પદ્ધતિથી ઉજાલા ઉપકરણની ખરીદી કરેલ છે તેનું સદર કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) તા.૧૯.૦૫.૨૦૧૭ મા નીચે મુજબની વિગતો નોંધાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

- મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) મુજબ ખરીદનારનું નામ "દલસુખભાઈ"
- મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) મુજબ મોબાઈલ નંબર - "૯૮૨૪૫૮૫૯૬૧"

સદર ઇનવોઈસ સાથે વીજબીલ તા.૦૭-૦૫-૨૦૧૭ રજુ કરેલ છે, તેમાં નીચે મુજબની વિગતો નોંધાયેલ છે.

- વીજબીલ મુજબ ગ્રાહક નંબર - "૮૭૬૦૨/૧૦૭૧૦/૧"
- વીજબીલ મુજબ ગ્રાહકનું નામ - "વસંતબેન ડી. ચૌહાણ"

સદર ઇનવોઈસ સાથે આધારકાર્ડની નકલ રજુ કરેલ છે, જેમાં નીચે મુજબની વિગત નોંધાયેલ છે.

- નામ - "ચૌહાણ દલસુખભાઈ"

૫.૫ ઉપરોક્ત મુદ્દા નં ૫.૧ મુજબની વિગતે અરજદારના એલ.ટી.બિલીંગમાં. ગ્રાહક નં - ૮૭૬૦૨/૧૦૭૧૦/૧, નામ : - વસંતબેન ડી. ચૌહાણના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે મુજબના ઉજાલા એપ્લાયન્સીસનો ચાર્જ કપાત થયેલ છે.

| Sr. No. | BILING PERIOD | UJALA CHARGE |
|---|---|---|
| 1 | JUL,AUG,18 BIL SEP,18 | 140.00 |
| 2 | SEP,OCT,18 BIL NOV,19 | 140.00 |
| 3 | NOV,DEC,18 BIL JAN,19 | 140.00 |
| 4 | JAN,FEB,19 BIL MAR,19 | 350.00 |
| 5 | MAR,APR,19 BIL MAY,19 | 280.00 |
| 6 | MAY,JUN,19 BIL JUL,19 | 280.00 |
| 7 | JUL,AUG,19 BIL SEP,19 | 210.00 |
| 8 | SEP,OCT,19 BIL NOV,19 | 210.00 |
| 9 | NOV,DEC,19 BIL JAN,20 | 210.00 |
| 10 | JAN,FEB,20 BIL MAR,20 | 210.00 |
| | Total | 2170.00 |

આમ, અરજદારના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ માહે જુલાઈ-ઓગસ્ટ-૨૦૧૮ થી માહે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૨ સુધીના ૧૦ (દશ) વીજબિલમાં ઉજાલા એપ્લાયન્સીસનો કુલ ચાર્જ રૂ.૨૧૭૦=૦૦ ઉધારેલ છે.

૫.૬ ઉપરોક્ત મુદ્દા નં ૫.૪ મુજબની વિગતે ઈઈએસએલ દ્વારા રજુ કરાયેલ આધાર-પુરાવા મુજબ ખરીદેલ ઉજાલા ઉપકરણની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | ઉજાલા ઉપકરણની વિગત | સંખ્યા | ભાવ (ઈ.એમ.આઈ.) | ટોટલ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯.૦૫.૨૦૧૭ | લેમ્પ | ૧૦ | ૭૦=૦૦ | ૭૦૦=૦૦ |
| ૨ | ૧૯.૦૫.૨૦૧૭ | ૫ સ્ટાર પંખા | ૨ | ૧૨૬૦=૦૦ | ૨૫૨૦=૦૦ |

EESL દ્વારા રજૂ કરવામાં આવેલ કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) સહીવાળું તા.૧૯-૦૫-૨૦૧૭ નું છે, જેમાં ગ્રાહક નં–૮૭૬૦૨/૧૦૭૧૦/૧ નોંધાયેલ છે. જેમાં ખરીદનારનું નામ દલસુખભાઈ અને મોબાઈલ નંબર ૯૮૨૪૫૮૫૯૬૧ વંચાય છે. તેમજ સદર ડેબિટ સદર કન્સેન્ટ ડીડમાં ૦૨ નંગ પંખા રૂ.૧૨૬૦/- લેખે રૂ.૨૫૨૦/- અને ૧૦ નંગ એલઈડી બલ્બ રૂ.૭૦/- લેખે રૂ.૭૦૦/- ઈ.એમ.આઈ. દ્વારા ખરીદેલ છે. સદરકેસની સુનાવણી દરમ્યાન ઉપરોક્ત વિગતો અરજદારને રૂબરૂમાં બતાવેલ છે, તે મુજબ જણાવેલ મોબાઈલ નંબર અને સહી અરજદાર ગ્રાહકની નથી, તેમ ફોરમ સમક્ષ જણાવેલ છે.

સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદારની મૌખિક રજૂઆત મુજબ જે તે સમયે રોકડેથી ઉજાલા ટ્યુબલાઈટની ખરીદ કરેલ હતી, ત્યારે આધારકાર્ડ અને બીલની નકલ આપેલ હતી. સદર રોકડેથી ખરીદેલ ટ્યુબલાઈટના બીલની નકલ આપેલ ન હતી, જેથી અરજદાર દ્વારા રજુ કરેલ નથી.

૫.૭ ઉપકરોત ચર્ચાને અંતે એટલુંતો સ્પષ્ટ છે કે, અરજદારના કથન મુજબ ૨૦૧૭ માં બે ટ્યુબ લાઈટ EESL પાસેથી રોકડ રકમ આપી ખરીદી હતી પરંતુ તેનું બીલ અરજદાર પાસે નથી એટલે અરજદાર પાસે કોઈ પુરાવા નથી, પરંતુ આ સાથે ઈ.ઈ.એસ.એલ. પાસે પણ આ ટ્યુબલાઈટ અરજદાર દ્વારા ખરીદ કરી હોય તેવો કોઇ પુરાવા નથી, પરંતુ તેનાથી ઉલટૂ ૧૦ નંગ લેમ્પ તથા ૫ સ્ટાર પંખા ૦૨ નંગનુ બીલ રૂ.૨૫૨૦/- રજૂ કરેલ છે, સામાન્ય રીતે જો કોઈ વ્યક્તિ પહેલા ખરીદ કરે તો તેનાં બીલ મોટી કંપનીઓ પોતાની પાસે રાખતી હોય છે પરંતુ આ કિસ્સામાં એનાથી ઉલટૂં બન્યું છે એટલે શંકાને પાત્ર છે, વધુમાં આ અરજદાર વીજકંપનીનાં ગ્રાહક પણ નથી તો તેમનાં નામ ઉપર કઇ રીતે આ વીજઉપકરણો આપ્યા તે પણ વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે માત્ર આધારકાર્ડની ઝેરોક્ષ કોપી, મોબાઇલ નંબર અને સહીનાં આધારે આ નક્કી કરી શકાય નહીં અને જ્યારે ફોરમ દ્વારા સ્થળ તપાસ કરવા માટે પીજીવીસીએલને સૂચના આપી હતી તો તેમનાં રીપોર્ટ મુજબ અરજદારનાં ઘરે એટલે સ્થળ ઉપર કોઈ ઉજાલા ઉપકરણો નથી. વધુમા જ્યારે બે કંપનીઓ વચ્ચે કોઈ કરાર થયા હોય તેની જાણકારી ગ્રાહકોએ મેળવવાની રહેતી નથી અને તે બે કંપનીઓ વચ્ચે કઇ પ્રકારની સમજણ કે સમજુતી થઇ છે તેની પણ જાણકારી ગ્રાહકોએ મેળવવાની રહેતી નથી પરંતુ આવાં કિસ્સામાં વીજકંપની દ્વારા પોતાના ગ્રાહકોને અન્યાય ન થાય તે જોવાની જવાબદારી છે અને તે માટે તકેદારી રાખવી જોઈએ, આ તમામ હકીકતો જોતાં અરજદાર પાસેથી વસૂલ કરેલ રકમ અત્રેના ફોરમની જાણકારી હેઠળ વીજકંપની દ્વારા દિન-૩૦ માં ગ્રાહકનાં વીજબીલમાં જમા આપવી અને બાકી રહેતી રકમની વસૂલાત કરવી નહીં તેમ હુકમ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)

સભ્ય (સ્વતંત્ર)

૫.૮ ઉપરોક્ત મુદ્દા નં ૫.૭ મુજબ ફોરમના ચેરપર્સનનો નિર્ણય સ્વતંત્ર સભ્ય સાથે સહમત ન થતા નીચે મુજબનો નિર્ણય રજુ કરેલ છે.

આમ સદર બાબતોનો અભ્યાસ કરતાં EESL દ્વારા રજૂ કરવામાં દસ્તાવેજી પેપર્સ અરજદારના પતિશ્રીનું આધારકાર્ડ અને અરજદારના વીજબીલની નકલ રજુ કરેલ છે પરંતુ અરજદાર દ્વારા પોતાની રજૂઆત કે તેઓએ ઉજાલા લેમ્પ રોકડેથી લીધેલ છે તેને સમર્થન આપતા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી. આમ, સદર સંજોગોમાં અરજદારની ઉજાલા ઉપકરણોનો ચાર્જ રદ કરવાની માંગણી નીચે સહી કરનાર દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. જેથી અરજદાર પાસેથી EESL દ્વારા રજુ કરેલ કલેઈમ મુજબ બાકીની રકમ વસુલવાની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને હુકમ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

૫.૯ As per GERC Regulations, 2019 of (Consumer Grievances Redressal Forum and Ombudsman) Notification No.: 2 of 2019, the point 2.26 is as under. "The quorum for any sitting of the Forum shall be two (2), out of which one (1) should be the Independent Member. Each member shall have one vote. If the matter is heard by two members only i.e. Chairperson and Independent Member or Technical Member, then Chairperson shall have a casting vote in case of tie. Where the matter is heard by the Independent Member and Technical Member, the Independent Member shall have a casting vote in case of tie."

૫.૧૦ ઉપરોક્ત મુદ્દા નં ૫.૭ અને ૫.૮ મુજબ ફોરમમાં હાજર રહેલ ચેરપર્સન અને સ્વતંત્ર સભ્ય દ્વારા અપાયેલ નિર્ણય અલગ અલગ હોવાથી ઉપરોક્ત ૫.૯મુજબની વિગતોને ધ્યાનમાં લેતા, ચેરપર્સન દ્વારા અપાયેલ નિર્ણય મુદ્દા નં ૫.૮ મુજબ હુકમ કરવામાં આવે છે, અને સદર બાબતે થયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને દિવસ-30 માં કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. "જીલ્લા સેવા સદન- 3", ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"